


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-22 ■ અંક-08 ■ તા. 18-02-2018 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેકટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

### ભાજપે કોંગ્રેસ પર દોષનો ટોપલો ઢોળતો ખુદ ભાજપ ફસાઈ...???

# સીબીઆઈએ ભાંડો ફોડ્યો, મોદી સરકારમાં જ થયું છે બેન્ક કૌભાંડ!!




ન્યુ દિલ્હી,

અબજપતિ હીરાના વેપારી નિરવ મોદીએ ૨૦૧૧ નહી પરંતુ ૨૦૧૭-૧૮ની વચ્ચે જ પંજાબ નેશનલ બેંકમાંથી ૧૧,૩૦૦ કરોડ રૂપિયાની છેતરપીંડી કરી છે એવુ સીબીઆઇ તરફથી નોંધાયેલી એફઆઈઆરમાં જણાવાયુ છે.

દેશના ઈતિહાસમાં થયેલા સૌથી મોટા આ કૌભાંડ મામલે કેન્દ્રીય મંત્રી અને સત્તાધારી બીજેપી પક્ષના પ્રવક્તા દાવો કરી રહ્યા છે કે આ ઘટના ૨૦૧૧માં કોંગ્રેસ ના શાસનકાળ દરમિયાન થયું હતું, પરંતુ સીબીઆઈની અત્યાર સુધીની તાપસ દર્શાવે છે કે આ કૌભાંડ ૨૦૧૭-૧૮ના બેંક ટ્રાન્સેકશન પૂરતું જ સીમિત છે.

આ મામલામાં બેંકના જે ચાર અધિકારીઓની પુછપરછ થઇ છે તે એ બધા સવાલોમાં ઘેરાયેલા બ્રાન્ચમાં ૨૦૧૪ પછી તૈનાત હતા. આ અધિકારીઓમાં સામેલ બેચુ તિવારી ફેબ્રુઆરી ૨૦૧૫થી ઓકટો.૨૦૧૭ સુધી નરીમન પોઇન્ટ બ્રાન્ચના ચીફ મેનેજર હતા. આ સિવાય સંજયકુમાર પ્રસાદ મે-૨૦૧૬ અને ઓકટો.૨૦૧૭ વચ્ચે બ્રાન્ડી હાઉસ બ્રાન્ચમાં આસી. મેનેજર હતા. મોહીન્દરકુમાર શર્મા નવે.૨૦૧૫થી જુલાઇ ૨૦૧૭ વચ્ચે ઓડીટર હતા અને મનોજ કરાત નવે.૨૦૧૪થી ડિસે.૨૦૧૭ સુધી સીંગલ વિન્ડો ઓપરેટર હતા.

અબજોપતિ હીરા કારોબારી નીરવ મોદીએ ૨૦૧૧માં નહિ, પરંતુ ૨૦૧૭ અને ૨૦૧૮ની વચ્ચેજ ''પંજાબ નેશનલ બેંક'' પાસેથી ૧૧,૩૦૦ કરોડ રૂપિયાની છેતરપીંડી કરી હતી. સીબીઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલી એફ આઈ આર માં આ અંગેનો સ્પષ્ટ ઉલ્લેખ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, શનિવારના રોજ પંજાબ નેશનલ બેંકના પૂર્વ ડેપ્યુટી મેનેજર ગોકુલનાથ શેટ્ટીની ધરપકડ કરી લેવામાં આવી છે.

દેશના ઈતિહાસમાં થયેલા આ સૌથી મોટા કૌભાંડ અંગે કેન્દ્રીય મંત્રી અને બીજેપી પ્રવતકતાઓ દવા કરી રહ્યા છે કે, આ કૌભાંડ કોંગ્રેસ ના શાસનકાળમાં ૨૦૧૧ દરમિયાન શરુ થયું હતું. જોકે, વાસ્તવિકતા એ છે કે સીબીઆઈ દ્વારા જે પ્રારંભિક તાપસ થઇ છે તેમાં એવું સ્પષ્ટ થયું છે કે આ અંગેના બેંક ટ્રાંજેકશન ૨૦૧૭-૧૮ સુધી જ સીમિત છે. જો આ કૌભાંડ ૨૦૧૧ માં શરુ થયું હોત તો આ છેતરપીંડીની રકમ ૧૧,૩૦૦ કરોડથી ઘણી વધારે હોત.

આ સમગ્ર મામલે ''પંજાબ નેશનલ બેંક'' ના જે ચાર અધિકારીઓ સાથે પૂછપરછ ચાલી રહી છે, તેઓ સૌ આ બ્રાન્ચમાં ૨૦૧૪ પછીથી કાર્યરત છે. આ અધિકારીઓમાં શામેલ બેચુ તિવારી ફેબ્રુઆરી, ૨૦૧૫ થી ઓક્ટોબર, ૨૦૧૭ સુધી નરીમાન પોઇન્ટ બ્રાન્ચ શાખાના ચીફ મેનેજર હતા. આ ઉપરાંત, સંજયકુમાર પ્રસાદ મે, ૨૦૧૬ અને ઓક્ટોબર, ૨૦૧૭ દરમિયાન બીચ બ્રેન્ડી હાઉસ બ્રાન્ચમાં આસીટન્ટ મેનેજર હતા. વળી, મોહિન્દર કુમાર શર્મા નવેમ્બર, ૨૦૧૫ થી જુલાઈ, ૨૦૧૭ સુધી ઓડિટર હતા તો મનોજ કરાત નવેમ્બર, ૨૦૧૪ થી ડિસેમ્બર, ૨૦૧૭ સુધી સિંગલ વિન્ડો ઓપરેટર હતા.

આ ગોટાળાને લઈને થયેલી ફરિયાદમાં મનોજ કરાત અને ગોકુલનાથ શેટ્ટીના નામ છે. ગોકુલનાથ શેટ્ટી છેલ્લે તેમના ઘરે પાંચ દિવસ પૂર્વે જોવા મળ્યા હતા, ત્યાર બાદથી તેઓ ફરાર છે. સીબીઆઈ દ્વારા શુક્રવારે તેના ઘરે ત્રીજી વખત છાપા મારવામાં આવ્યા હતા. તેની પત્ની સાથે પણ પૂછપરછ કરવામાં આવી હતી. આખરે શનિવારના રોજ બેક્રના પૂર્વ ડેપ્યુટી મેનેજર ગોકુલનાથ શેટ્ટીની ધરપકડ કરી લેવામાં આવી હોવાની જાણકારી પ્રાપ્ત થઈ છે. પીએનબી કૌભાંડમાં સીબીઆઈ અત્યાર સુધીમાં બે ફરિયાદ કરી ચુકી છે અને આ સંબંધે નીરવ મોદીના મામા મેહુલ ચોક્સી અને ગીતાંજલિ ગ્રૂપના બીજા ડિરેક્ટર્સ સાથે જોડાયેલા ૨૬ સ્થળોએ છાપા મારવામાં આવ્યા છે. મુંબઈ, પુના, સુરત, જયપુર, હૈદરાબાદ અને કોઈમ્બતુર માં સીબીઆઈ એ આ તમામ લોકો સાથે સંલગ્ન કારખાનાઓ, કચેરીઓ અને ઘરો ઉપર છાપામારી કરી છે.

સીબીઆઈ ની ફરિયાદમાં મેહુલ ચોક્સી અને તેની ત્રણ કંપની ગીતાંજલિ જેમ્સ, ગિલી ઈન્ડિયા લિમિટેડ અને નક્ષત્ર બ્રાન્ડ લિમિટેડના ડિરેક્ટર્સ અને બે બેંક કર્મચારીઓના નામ છે. 'પંજાબ નેશનલ બેંક' તરફથી ૧૩ ફેબ્રુઆરીએ કરવામાં આવેલી ફરિયાદના આધારે આ લોકોના નામને શામેલ કરાયા છે. આ મામલે પીએનબી ને કુલ ૪૮૮૬.૭૨ કરોડનું નુકસાન થયું હોવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે. જયારે બીજી જે ફરિયાદ થઇ છે, તે અંતર્ગત આ ગોટાળો કુલ મળીને રૂ. ૧૧,૩૦૦ કરોડે પહોંચ્યો હતો. આ તાજેતરમાં નોંધાયેલી ફરિયાદમાં ૧૪૩ ''લેટર્સ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ્સ'(LoU) નો ઉલ્લેખ છે, જેના દ્વારા ચોક્સીએ બેંકો સાથે ૩૦૩૧ કરોડ રૂપિયા કાઢ્યા હતા. આ ઉપરાંત તેમાં ૨૨૪ ફોરેન લેટર્સ અને વિદેશી ઋણ પત્રો (ક્રેડિટ) નો પણ નિર્દેશ થયેલો છે જેના દ્વારા ભારતીય બેંકોની વિદેશી શાખાઓ માંથી ૧૭૧૮ કરોડ રૂપિયા કાઢી લેવામાં આવ્યા હતા.

સીબીઆઈની ફરિયાદ અનુસાર આ ૧૫૦ LoU થી અલગ છે, જેનો ઉલ્લેખ ૩૧ જાન્યુઆરી ના રોજ દાખલ એફઆઈઆર માં કરવામાં આવ્યો છે. આ પૂર્વેની એફઆઈઆર માં નીરવ મોદી, તેની પત્ની અમી અને ભાઈ નીશલ મોદી તથા મામા મેહુલ ચોક્સી સહીત અન્ય બે બેંક અધિકારોના નામ હતા. સીબીઆઈએ તે સમયે આ મામલે ૩ અને ૪ ફેબ્રુઆરીના રોજ નીરવ મોદી અને તેના પરિવાર તેમજ બેંક અધિકારીઓ સાથે જોડેયેલા ૨૧ સ્થળોએ છાપા માર્યા હતા. સીબીઆઈને આ છાપા દરમિયાન કરોડો રૂપિયાના હીરા હાથ લાગ્યા હતા જે તેને જપ્ત કરીને ઈડીના અધિકારીઓને સુપરદ કર્યા હતા. સીબીઆઈના સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમને એ વાત ગળે નથી ઉતારતી કે પીએનબીના માત્ર બે કર્મચારીઓએ જ ૧૧,૩૦૦ કરોડના આટલા મોટા કૌભાંડને કઈ રીતે અંજામ આપ્યો હશે. આ કારણે, બેક્રના અન્ય ત્રણ અધિકારીઓની પણ પૂછપરછ થઇ રહી છે, જેમના નામનો હજુ સુધી ફરિયાદમાં ઉલ્લેખ કરાયો નથી.



પાટણમાં આત્મવિલોપનનો પ્રયાસ કરનાર ભાનુભાઈ વંકરનું સારવાર દરમ્યાન મૃત્યુ થતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમ પાસે તેમના પરિવારજનો સાથે હાર્દિક પટેલ, જીગ્નેશ મેવાણી અને અલ્પેશ ઠાકોર સહીત દલિત સમુદાયના લોકો આવી પહોંચ્યા હતા. ન્યાય માંગતા પરિવારજનોએ મૃતદેહ સ્વીકારવાની ના પાડી દેતા એક તબક્કે મામલો તંગ બની ગયો હતો.

### ટ્રાન્સપોર્ટરે ક્રાઈમબ્રાંચમાં આખરે ફરિયાદ કરી

# એક ટ્રાન્સપોર્ટરે લાલચમાં ૧.૮૨ કરોડ ગુમાવી દીધા

### શહેરમાં પંજાબ નેશનલ બેંકની મેમનગર શાખાથી કેટલાક ટ્રાન્ઝેકશન કર્યા હોવાની વાત પણ સામે આવતા ચર્ચાઓ

અમદાવાદ,

એચડીએફસી અને રિલાયન્સ લાઈફ ઈન્શ્યોરન્સમાં પુત્રના નામે રોકાણ કરનાર અને શહેરના મેમનગર વિસ્તારમાં રહેતા એક ટ્રાન્પોર્ટરે રૂ.૧.૯૨ કરોડની લાલચમાં રૂ.૧.૧૮ કરડો ગુમાવવાનો વારો આવ્યો છે. ઠગાઈનો ભોગ બનેલા ટ્રાન્પોર્ટરે સમગ્ર મામલે શહેર ક્રાઈમબ્રાંચમાં ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. નોંધનીય વાત એ છે કે, દેશ અને દુનિયાભરમાં હજારો કરોડના કૌભાંડને પગલે વિવાદમાં આવેલી પંજાબ નેશનલ બેંક પણ આ સમગ્ર પ્રકરણમાં ટ્રાન્ઝેકશનમાં નિમિત બની છે. એટલે કે, જે ટ્રાન્સપોર્ટર ઠગાઈનો ભોગ બન્યા તેમણે તેમની પંજાબ નેશનલ બેંકની, મેમનગર શાખામાંથી કેટલાક ટ્રાન્ઝેકશન કર્યા હોવાની વાત પણ સામે આવી છે, તેથી વધુ એક કૌભાંડમાં પંજાબ નેશનલ બેંકનું નામ ચમકયુ હતુ. આ અંગેની વિગત એવી છે કે, શહેરના મેમનગર વિસ્તારમાં યુગાન્ડા પાર્ક સોસાયટી ખાતે રહેતા દિલીપભાઇ પટેલ(ઉ.વ.૮૨) નારોલ વિસ્તારમાં તેમના પુત્ર રાજેશ સાથે ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરે છે. પાંચેક વર્ષ પહેલા તેમણે પોતાના પુત્રના નામે એચડીએફસી અને રિલાયન્સ લાઈફ ઈન્શ્યોરન્સમાં રોકાણ કર્યું હતું. માર્ચ-૨૦૧૭માં તેના મોબાઈલ ફોન પર કોઈ ત્રિપાઠી નામના વ્યકિતનો ફોન આવ્યો હતો. તેણે હેદ્રાબાદની ઈન્શ્યોરન્સ કમ્પ્લેઇન ફોરમમાંથી બોલતો હોવાનું જણાવ્યું હતું અને કહ્યું હતું કે, તમે જે પોલિસીઓમાં રોકાણ કર્યું છે, તેની પર રૂ.૨૪ લાખ જેટલું વ્યાજ મળવાપાત્ર થાય છે. જે અમે રિકવર કર્યું છે. બાદમાં એક શુકલા નામની વ્યકિતએ પણ તેમને ફોન કરીને છેલ્લા ત્રણ વર્ષથી તેઓને ૨૪ લાખ રૂપિયા શેરમાર્કેટમાં રોકયા છે અને તેની કુલ રકમ રૂ.૬૪ લાખ થવા જાય છે તેમ જણાવ્યું હતું. આ બંને શખ્સો અવારનવાર દિલીપભાઈને ફોન કરી તમે જે રોકાણ કર્યું છે, તેની સામે તમને પૂરુ વળતર મળ્યું નથી અને તેથી તેની ફરિયાદ અમને મળી છે. શેરબજારમાં રોકેલી તમારી રકમના રૂ.૮૪ લાખ તમને ચૂકવવાના થાય છે પરંતુ તે રકમનો કલેઈમ તમારે કરવો પડશે. આ માટે ટ્રાન્ઝેકશન અને સર્વિસ ચાર્જ સહિતની રકમ તમારે ચૂકવવી પડશે. રૂ.૧.૯૨ કરોડના વળતરની લાલચ આપી શુકલા નામની વ્યકતિએ બેંક એકાઉન્ટનામાં પ્રોસીજર પ્રમાણે ભરવાની થતી રકમ જમા કરાવવા માટે કેપીટલ સર્વિસ મથુરા, કેપીટલ એજન્સી, દિલ્હી, રમેશસિંહ અને આશુતોષ મહેરા નામના વ્યકિતના અલગ-અલગ ખાતા નંબરો આપ્યા હતા. ઉપરોકત વાતોમાં ભોળવાઇ જઇ ટ્રાન્સપોર્ટર દિલીપભાઈએ ખાતામાં ટુકડે ટુકડે તેમના કહ્યા મુજબ પૈસા જમા કરાવવાનું શરૂ કર્યું હતું. એ પછી અચાનક નવેમ્બર-૨૦૧૭માં પીયુષ નામની એક વ્યકિતએ દિલીપભાઈને ફોન કરી જણાવ્યું કે, તે એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટમાંથી બોલે છે અને તમારી ફાઈલો અમારી પાસે આવી છે. તમને જે વળતર ચૂકવવાનું થાય છે, તેની પર ૧૮ ટકા જેટલો જીએસટી ભરવો પડશે એમ કહી દિલીપભાઈને કલામ નામની વ્યકિતનો એકાઉન્ટ નંબર આપ્યો હતો. દિલીપભાઈએ આરોપીઓની જાળમાં ફસાઇ જઇ એપ્રિલ-૨૦૧૭થી ડિસેમ્બર-૨૦૧૭ દરમ્યાન સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, નારોલ અને પંજાબ નેશનલ બેંક, મેમનગર શાખામાંથી કુલ ૩૭ ટ્રાન્ઝેકશન દ્વારા મથુરાની દેનાબેંક, દિલ્હીની એસબીઆઇ બેંક, નોઇડાની સેન્ટ્રલ બેંક, મેરઠની આઇસીઆઇસીઆઇ બેંક, એયુ સ્મોલ ફાઇનાન્સ, નોઇડા, નોઇડા ઇન્ડસ ઇન્ડ બેંક અને નોઇડા કીનો પેમેન્ટ બેંકમાં કુલ રૂ.૧.૧૮ કરોડ જેટલી માતબર રકમ જમા કરાવી હતી પરંતુ આટલી મોટી રકમ જમા કરાવવા છતાં દિલીપભાઇને હજુ સુધી રૂ.૧.૯૨ કરોડની લાલચ આપ્યા મુજબની વળતરની રકમ ચૂકવાઇ ન હતી. બાદમાં દિલીપભાઇને ખ્યાલ આવતાં તેમણે આ સમગ્ર મામલે શહેર ક્રાઇમબ્રાંચનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

### નીરવ મોદી અને અન્યો સામે તપાસનો દોર જારી

# ફ્રોડ : ઈડીના દરોડાનો દોર, જપ્ત સંપત્તિ ૫,૬૭૪ કરોડ

### સતત ત્રીજા દિવસે દરોડા જારી : ૨૫ કરોડની કિંમતનો વધુ ડાયમંડ અને જ્વેલરીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો

મુંબઇ,

હિરા કારોબારી નરવ મોદી અને અન્યો સામે મની લોન્ડરિંગ કેસમાં ઈડીની કાર્યવાહી આજે સતત ત્રીજા દિવસે જારી રહી હતી. ૧૧૪૦૦ કરોડના પંજાબ નેશનલ બેંક ફ્રોડ કેસના સંબંધમાં ત્રીજા દિવસે કાર્યવાહી જારી રાખવામાં આવી હતી. તપાસ સંસ્થાએ દાવો કર્યો હતો કે આજે ૨૫ કરોડથી વધુના ડાયમંડ અને જ્વેલરીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આની સાથે જ હજુ સુધી જપ્ત કરવામાં આવેલ સંપત્તિનો આંકડો ૫૬૭૪ કરોડ ઉપર પહોંચી ગયો હતો. તપાસ સંસ્થાએ નિવેદનમાં કહ્યુ છે કે ઈડી દ્વારા નીરવ મોદી કેસમાં વધુ ૨૧ સ્થળો પર તપાસ કરવામાં આવી હતી. જે દરમિયાન ડાયમંડ, ગોલ્ડ અને કિંમતી સ્ટોન તેમજ જ્વેલરીનો જથ્થો મળી આવ્યો હતો. આ મુદ્દામાલની કિંમત ૨૫ કરોડ આંકવામાં આવી છે. તપાસ સંસ્થાએ કહ્યુ છે કે તેના શો રૂમ અને સ્ટોર ખાતે સ્ટોક વેલ્યુ પર આધારિત ગણતરી કરવામાં આવી છે. તમામ સંપત્તિની સ્વતંત્ર ગણતરી પણ કરવામાં આવી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ગઇકાલે નીરવ મોદી અને અન્ય બિઝનેસ પાર્ટનર તેમજ ચેઇન પ્રમોટર મેહુલ ચૌકસી સામે સમન્સ જારી કરવામાં આવ્યા હતા. તેમને ૨૩મી ફેરુઆરીના દિવસે મુંબઇમાં ઇડીની ઓફિસમાં હાજરી આપવા માટે કહેવામામ આવ્યુ હતુ. ઈડીના દરોડા અને સીબીઆઇની તપાસ હાલમાં જારી રહે તેવી શક્યતા છે. અત્રે નોંધનીય છે કે દરોડા સતત પાડવામાં આવી રહ્યા છે. આજે બેગ્લોરમાં પણ તપાસ કરવામાં આવી હતી. ઈન્ફોસમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની ભલામણના આધાર પર વિદેશ મંત્રાલયમાં પાસપોર્ટ જારી કરનાર વિભાગે તાત્કાલિક અસરથી હિરા કારોબારી નીરવ મોદી અને ગીતાંજલિ જેમ્સના સીએમડી મેહુલ ચિનુભાઇ ચૌકસીના પાસપોર્ટ સસ્પેન્ડ કરી દીધા છે. પાસપોર્ટની કાયદેસરતા ચાર સપ્તાહ માટે સસ્પેન્ડ કરવાનો નિર્ણય કર્યો છે. આવકવેરા વિભાગ દ્વારા પણ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ઈન્કમટેક્સ વિભાગે પણ ટેક્સ ચોરીના સંદર્ભમાં તપાસ શરૂ કરીને અસ્થાયી રીતે હિરા કારોબારી અને તેમના પરિવારની ૨૯ પ્રોપર્ટી જપ્ત કરી લીધી છે. સાથે સાથે ૧૦૫ બેંક ખાતાઓ પણ બંધ કરી દીધા છે. આ ઉપરાંત વિભાગે વિદેશમાં ગેરકાયદે સંપત્તિ રાખવા બદલ તેમની સામે કાળા નાણા વિરોધક કાયદા હેઠળ કેસ દાખલ કર્યો છે.

### મૈરિયટમાં એક દિવસનુ ભાડુ ૭૫ હજાર રૂપિયા

# નીરવ મોદી ન્યુયોર્કની સૌથી મોંઘી હોટેલમાં ખુબ મોજમાં

નવી દિલ્હી,

પંજાબ નેશનલ બેંકને ૧૧ હજાર ૩૦૦ કરોડ રૂપિયાનો ચુનો લગાવનાર ફરાર થયેલા અને હાલમાં બીજા માલ્યા તરીકે ચર્ચા મેળવી રહેલા નીરવ મોદી અમેરિકામાં સંપૂર્ણ આરામથી છે. ટીવી રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે નીરવ મોદી પોતાના પરિવારની સાથે ન્યુયોર્કની સૌથી મોંઘી હોટેલમાં રોકાયા છે. આ હોટેલ મૈરિયટનુ ભાડુ એક દિવસનુ ૭૫ હજાર રૂપિયા હોવાનુ જાણવા મળ્યુ છે. અહે નોંધનીય છે કે નીરવના પત્નિ એમી અમેરિકાના નાગરિક છે. ભારતમાં સૌથી મોટા કોંભાંડના મુખ્ય આરોપી નીરવ ન્યુયોર્કમાં લોકપ્રિય સેન્ટ્રલ પાર્કના ફેન્સિંગવાળી મૈરિયટના એક્સેસ હાઉસના ૪૬માં ફ્લોર પર છે. આ સ્વીટ માટે એક દિવસનુ ભાડુ ૭૫ હજાર રૂપિયા છે. હોટેલને ૬૭ લાખ રૂપિયામાં ૯૦ દિવસ માટે બુક કરવામાં આવ્યુ હોવાના હેવાલ મળ્યા છે. નીરવ મોદીના સંદર્ભમાં સ્વિસ મેરિયેટ હોટલને પુછવામાં આવતા કહેવામાં આવ્યું હતું કે, નિરવ અને અમી પોતાના રુમમાં નથી પરંતુ બાળકો ઘરમાં જ છે. બીજી બાજુ વિદેશ મંત્રાલયે કહ્યું છે કે, નિરવ ક્યાં છે તે બાબતે અમારી પાસે માહિતી નથી.ઈન્ફોસમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની ભલામણના આધાર પર વિદેશ મંત્રાલયમાં પાસપોર્ટ જારી કરનાર વિભાગ દ્વારા તાત્કાલિક અસરથી હિરા કારોબારી નીરવ મોદી અને ગીતાંજલિ જેમ્સના સીએમડી મેહુલ ચિનુભાઇ ચૌકસીના પાસપોર્ટ સસ્પેન્ડ કરી દીધા છે. હાલમાં મહેલ ચૌકસી દ્વારા પ્રમોટ ગીતાંજલિ ગ્રુપ ઓફ કંપનીના છ શહેરોમાં ૨૦થી વધુ સ્થળો પર કોંભાડના ભાગરૂપે તપાસ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જવેલરી રિટેલર ગીતાંજલિ સામે કેસ દાખલ કરવામાં આવ્યા બાદ સીબીઆઇ દ્વારા તપાસ કરવામાં આવી હતી. પીએનબને આવરી લેતા બેકિંગ જગતના સૌથી મોટા કોંભાડમાં ગીતાંજલિ જેમ્સના મેનેજિંગ ડિરેક્ટર ચૌકસી અને હિરા કારોબારી નીરવ મોદી મુખ્ય આરોપી તરીકે દર્શાવવામાં આવી રહ્યા છે. પંજાબ નેશનલ બેંકમાં થયેલા મહાકોંભાડના આરોપીઓ પર સકંજો મજબુત કરવાની કવાયત તરત જ શરૂ કરવામા આવી ચુકી છે.

આશરે ૧૧૩૦૦ કરોડ રૂપિયાના આ કોંભાડના આરોપી નીરવ મોદી, તેમના પત્નિ અમી મોદી, બાઇ નિશાલ મોદી અને ગીતાંજલિના પ્રમોટર મેહુલ ચૌકસીને પકડી લેવા માટે ઈન્ટરપોલને અલર્ટ કરવામાં આવ્યા બાદ તેમની ધરપકડ થવાના સંકેત દેખાઇ રહ્યા છે. આ ચારેયની સામે ઈન્ટરપોલ ડિફ્યુજન નોટીસ જારી કરવામાં આવી છે. નોટીસ જારી કરવામાં આવ્યા બાદ ઈન્ટરપોલે ચક્રો ગતિમાન કર્યા છે.







અમેરીકા-લોસ એન્જલસના પાયોનિયર બુલો. આર્ટિશિયા ખાતે (AISA)''એશીયન ઈન્ડીયન સિનીયર એસોશીએશન'' એ ઉજવ્યો વેલેન્ટાઈન ડે. કેલિફોર્નિયા ની સૌથી જુની સિનીયરો માટેની સંસ્થા '' આઈસા દ્વારા વેલેન્ટાઈન ડે ખૂબજ ઉત્સાહ પુર્વક ઉજવાઈ ગયો... આ માટે અત્રેની હિમાલયા રેસ્ટોરન્ટ ખાતે ખાસ વિશાલ ઈલાહાબાદી એન્ડ પાર્ટી નો ગીત સંગીત ના જલશા નું આયોજન કરવામાં આવ્યુ હતું... આ સાથે પ્રિતી ભોજન નું સુંદર આયોજન રાખવામાં આવ્યુ હતું. લગભગ ૧૭૫ સિનીયર ભારતીય ભાઈ-બહેનો એ પરસ્પર વેલેન્ટાઈન ડેની શુભેચ્છાઓ પાઠવી આનંદ વ્યક્ત કર્યો હતો... પ્રારંભે સંસ્થાના ઉપ-પ્રમુખ શ્રી જય શાહે પ્રસંગો ઉચિત આવકાર આપ્યો હતો, માજી પ્રમુખ શ્રી નરેશ પટેલે આજના વિશેષ કાર્યક્રમ અંગે માહિતી આપી હતી. શ્રી રાજુ ઠાકર દ્વારા વ્યવસ્થાપકોનો વિશેષ પરીચય આપ્યો હતો પ્રમુખશ્રી જીતુભાઈ પટેલે સૌ આમંત્રિતો ને વ્યક્તિગત મળીને અભિનંદન પાઠવ્યા હતા, આજે સભ્યશ્રી સિદ્ધાર્થ શાહ ના જન્મ દિવસ નિમિત્તે સીંગરશ્રી વિશાલ દ્વારા મુબારક સોંગ રજુ કરી સૌને આનંદિત કરી જન્મદિન ની વધાઈ પાઠવી હતી... શરુઆત ચા-પાણી અને નાસ્તાની લહેજત માણી હતી, જલ્સાની શરૂઆત ભારતીય રાસ્ટ્રગીત જન ગણ મન થી કરી હતી... ત્યાર બાદ સ્ટેજ નો દોર શ્રી વિશાલ,મીરા અને ઋષી ઠાકરે સંભાર્યો હતો.. અને જુની ફિલ્મોના સદાબહાર ગીતો ની રસલ્હાણ પીરસી ને આજના વેલેન્ટાઈન ડે ની ઉજવણીને ચાર ચાંદ લગાવી સભ્યોની દાદ મેળવી હતી... આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સર્વશ્રી અરર્વિંદ પટેલ,અમરત પટેલ,સુભાષ ભટ્ટ,સવાઈલાલ મોદી એ ખુબજ જહેમત ઉઠાવેલ.. આવા સુંદર કાર્યક્રમના આયોજન બદલ આયોજકો ને અભિનંદન...

(માહિતી:-હર્ષદ શાહ અને તસ્વિર:- કાન્તિભાઈ મિસ્ત્રી,કેલિફોર્નિયા)

### સનહાર્ટ સિરામિક્સ ચોથા વર્ષે મોટી એક્ષ્પોર્ટર કંપની

# સીરામીક-ટાઈલ્સે ક્ષેત્રે ભારત બીજા નંબરે પહોંચે તેવા સંકેતો

## સમગ્ર વિશ્વમાં એક માત્ર ભારત સીરામીક-ટાઈલ્સ ક્ષેત્રે ચીનને હાલમાં ટક્કર આપી રહ્યું છે : ગોવા ખાતે કાર્નિવલ

અમદાવાદ,

સીરામીક-ટાઈલ્સ ક્ષેત્રે ભારત ઉત્પાદન અને વેચાણમાં નોંધપાત્ર રીતે હરણફાળ ભરી રહ્યું છે તે જોતાં આ વર્ષના અંત સુધીમાં ભારત આ ક્ષેત્રમાં બીજા નંબર આવશે. સમગ્ર વિશ્વમાં એકમાત્ર ભારત જ સીરામીક ટાઈલ્સ ક્ષેત્રે ચીનને ટક્કર આપી રહ્યું છે અને હાલ બીજા નંબર પર બ્રાઝીલ અને ભારત વચ્ચે કાંટાની ટક્કર ચાલી રહી છે પરંતુ વર્ષના અંત સુધીમાં ભારત બ્રાઝીલને પછાડી સીરામીક ટાઈલ્સના ઉત્પાદનમાં વિશ્વમાં બીજા નંબરનો દેશ બની જવાની પૂરી શકયતા છે. છેલ્લા ત્રણ વર્ષથી સૌથી મોટી એક્ષ્પોર્ટર કંપની એવી સનહાર્ટ સિરામિક્સ દ્વારા તાજેતરમાં જ ગોવા ખાતે ટાઈલ્સ કાર્નિવલ યોજાયો હતો. જેમાં દેશભરમાં એક હજારથી વધુ ડિલરોએ ભાગ લીધો હતો. સિરામિક્સ ટાઈલ્સ ક્ષેત્રે ખૂબ જ ટૂંકા ગાળામાં ખૂબ ઉત્કૃષ્ટ દેખાવ કરનારી સનહાર્ટ સિરામિક્સ ૪૬ ટકાના વેચાણના વધારા અને રૂ.૫૫૫ કરોડના અંદાજિત ટર્નઓવર સાથે સતત ૪થા વર્ષે પણ સૌથી મોટી એક્ષ્પોર્ટ કરનારી કંપની બની રહેશે એમ સનહાર્ટ સિરામિક્સના ગ્રુપ સીઈઓ તપનભાઈ જેનાએ જણાવ્યું હતું.

સિરામિક્સ-ટાઈલ્સ ક્ષેત્રે ભારતની સ્થિતિ અને કંપનીની અસાધારણ સિધ્ધિ વિશેની એક ખાસ વાતચીતમાં સનહાર્ટ સિરામિક્સના ગ્રુપ સીઈઓ તપનભાઈ જેનાએ જણાવ્યું હતું કે, હાલ ભારત દેશનું સિરામીક્સ-ટાઈલ્સનું વાર્ષિક ટર્નઓવર અંદાજે રૂ.૩૨ હજાર કરોડ રૂપિયાનું છે, જેમાં એક્ષ્પોર્ટ માર્કેટ રૂ.૬૦૦૦ કરોડનું છે. આ એક્ષ્પોર્ટ માર્કેટના ટર્નઓવરમાં ૩૦થી ૩૫ ટકાનો વધારો આ વર્ષે નોંધાશે અને આશરે રૂ.૯૦૦૦ કરોડનું એક્ષ્પોર્ટ માર્કેટ થશે. જેમાં સનહાર્ટ સિરામિક્સનો બહુમૂલ્ય ફાળો રહ્યો છે. છેલ્લા ત્રણ વર્ષથી સનહાર્ટ સિરામિક્સ ટાઈલ્સની સૌથી મોટી એક્ષ્પોર્ટ કંપની બની રહી છે અને સતત ૪થા વર્ષે પણ કંપની તેની આ સિધ્ધિ જાળવી રાખશે. કંપનીની આ સિધ્ધિ પાછળના રહસ્ય અંગે તપનભાઈએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, કંપની સિરામીક-ટાઈલ્સની પ્રોડકટની ગુણવત્તા અને અમારા ગ્રાહકોના સંતોષ સાથે કોઈ બાંધછોડ કરતી નથી. વર્લ્ડકલાસ કવોલિટી, ગુણવત્તાયુકત પ્રોડક્ટ અને પોષાય તેવી કિંમતે ટાઈલ્સ પૂરા પાડી ગ્રાહકોને સંતોષ આપવો આ જ ઉમદા અભિગમ સાથે કંપની દેશની સૌથી મોટી એક્ષ્પોર્ટર કંપની તરીકેની સિધ્ધિને હાંસલ કરી શકી છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, તાજેતરમાં જ સનહાર્ટ સિરામિક્સ દ્વારા ગોવા ખાતે ટાઈલ કાર્નિવલ યોજાયો હતો. આશરે ૨૦ હજાર સ્કવેર ફુટના ટાઈલ ડિસ્પ્લે કરવામાં આવ્યા હતા. દેશના સૌથી મોટા આ કાર્નિવલમાં દેશભરમાંથી એક હજારથી વધુ ડિલરોએ ભાગ લીધો હતો. જેમાં કંપનીએ તેને લેટેસ્ટ વર્લ્ડકલાસ પ્રોડક્ટ કવોન્ટિકો લોન્ચ કરી હતી. ટાઈલ કાર્નિવલના આ સમારોહને અદ્ભુત પ્રતિસાદ સાંપડયો હતો. ગ્રુપ સીઈઓ તપનભાઈ જેનાએ ઉમેર્યું હતું કે, માત્ર આઠ જ વર્ષના સમયગાળામાં કંપનીને વિશ્વની ફલક પર પહોંચનારી સનહાર્ટ સિરામિક્સના આવતીકાલે શહેરના પાલડી વિસ્તારમાં ફ્રેન્ચાઈઝી આઉટલેટનું ઉદ્ઘાટન કરવામાં આવશે. ગઈકાલે આ જ પ્રકારના કંપનીના એક આઉટલેટનું ગોતા ખાતે પણ ઉદ્ઘાટન કરાયું હતું. કંપનીના હાલ ૯ મેન્યુફેકચરીંગ યુનિટ છે અને આ વર્ષ સુધીમાં વધુ એક યુનિટ શરૂ કરી કંપનીના કુલ યુનિટનો આંક દસ ઉપર પહોંચશે. કંપની દ્વારા મહત્તમ એક્ષ્પોર્ટ મીડલઈસ્ટ કન્ટ્રીઝમાં, ત્યારબાદ એશિયન અને એ પછી યુરોપીઅન કન્ટ્રીઝમાં થઈ રહ્યું છે. મોરબી સિરામીક હબ તરીકે વિશ્વભરમાં જાણીતુ બની ગયું છે અને દેશની હરણફાળના કારણે તો,કેટલાક વર્ષોથી સિરામીક-ટાઈલ્સ પ્રોડકટની ચીનમાંથી આયાત બંધ કરી દેવાઈ હોવાનો ખુલાસો તેમણે કર્યો હતો. તેમણે કંપનીની સિધ્ધિ અને ગૌરવનો યશ ગ્રાહકોને આપ્યો હતો.

### પાટણ, ઉંઝા, મહેસાણા, ગાંધીનગરમાં ઉગ્ર દેખાવો

# ભાનુભાઈના મોત બાદ દલિત સમાજમાં ઉગ્ર આક્રોશ ફેલાયો

## તમામ જગ્યા પર ચક્કાજામના દશ્યો સર્જાયા : મેવાણીના નેતૃત્વમાં ગાંધીનગરમાં પણ દેખાવો : સરકાર દ્વારા બેઠક

અમદાવાદ,

પોતાના હક્કની જમીનની લડતને લઈ પાટણ કલેકટર કચેરી ખાતે ગઈકાલે આત્મવિલોપન કરી આખરે મોતને વ્હાલું કરનાર દલિત વૃધ્ધ ભાનુભાઈ વણકરના ગઈકાલે રાત્રે નીપજેલા કરૂણ મોત બાદ રાજયભરમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડયા છે. ખાસ કરીને પાટણ, ઉંઝા, મહેસાણા સહિતના રાજયના કેટલાય વિસ્તારોમાં દલિત સમાજમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે તો, આ જિલ્લાઓમાં તો, આજે દલિત સમાજ દ્વારા બંધનો માહોલ સર્જી ઠેર-ઠેર દેખાવો, વિરોધદર્શક કાર્યક્રમો યોજી એક તબક્કે સરકારી બસોને પણ નિશાન બનાવાઈ હતી. દલિત સમાજમાં ઉગ્ર આક્રોશની ભભૂકી ઉઠેલી લાગણીને જોતાં આજે સાંજે રાજકીય ગરમાવો ઠારવા સરકારના ઉચ્ચ પ્રતિનિધિઓએ ભાનુભાઈના પરિવારજનો સહિતના દલિત આગેવાનોના પ્રતિનિધિમંડળ સાથે એક મહત્વની બેઠક યોજી હતી. નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની હાજરીમાં મળેલી આ બેઠકમાં મધ્યસ્થી શંભુપ્રસાદ ટુંડીયા, આઈપીએસ આર.બી.બ્રહ્મભટ્ટ, કમલ દયાણી સહિતના આગેવાનો ખાસ હાજર રહ્યા હતા. સરકારના સત્તાધીશો સાથેની દલિત આગેવાનોની બેઠક બાદ હવે સરકારની જાહેરાત અને રાહત પર સૌની નજર મંડાઈ છે. બીજીબાજુ, દલિત વૃધ્ધ ભાનુભાઈ વણકરના મોત અને તેને પગલે દલિત સમાજમાં ફાટી નીકળેલા આક્રોશ બાદ મુખ્યમંત્રી નિવાસ સહિતના મંત્રીનિવાસની આસપાસ સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. ભાનુભાઈના પીએમ બાદ પણ તેમના પરિવારજનોએ સરકાર જયાં સુધી તેમની માંગણીઓ નહી સ્વીકારે ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો સાફ ઈન્કાર કરી દેવાયો હતો. બીજીબાજુ, ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પાસે પણ મૃતકના પરિવારજનો સહિત દલિત સમાજની મહિલાઓ અને બહેનોએ ઉગ્ર દેખાવો કર્યા હતા તો પાટણ, ઉંઝા, મહેસાણામાં આ પ્રકારના દેખાવો અને હાઈવે-ટ્રાફિક ચક્કાજામના વિરોધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. પાટણ અને ઉંઝામાં દલિત સમાજે સજ્જડ બંધનું એલાન આપ્યું હતું, જે જડબેસલાક રહ્યું હતું. મોડી સાંજ સુધીમાં મોરબી સહિતના અન્ય પંથકમાં પણ દલિત આક્રોશની આગના તણખા ઝર્યા હતા. બીજીબાજુ, દલિત આગેવાન જીગ્નેશ મેવાણીથી લઈ પાસના નેતા હાર્દિક પટેલ અને વિપક્ષના નેતા પરેશ ધાનાણી સહિતના રાજકીય આગેવાનો અને મહાનુભાવોએ આજે મૃતકના પરિવારજનોની મુલાકાત લઈ તેમને સાંત્વના પાઠવી હતી અને દુઃખની આ ઘડીમાં તેઓ તેમની સાથે હોવાનું આશ્વાસન આપ્યું હતું. દરમ્યાન આજે સાંજે સરકારના સત્તાધીશો સાથેની બેઠકમાં મધ્યસ્થીની ભૂમિકા અદા કરી રહેલા શંભુપ્રસાદ ટુંડીયાના મતે સરકાર દલિત આગેવાનોની માંગણીઓને લઈ હકારાત્મક છે. દલિત આગેવાનો સાથેની બેઠક પૂર્ણ થયા બાદ સરકાર દ્વારા હવે શું જાહેરાત કરાય છે તેની પર સૌની નજર મંડાઈ છે.

# ચોટીલાની દુકાનમાં રૂા.બે લાખની ચોરી કરી ચોરો ફરાર

ચોટીલા,

અહીંની મેઈન બજારમાં આવેલી ચોટીલા ચેમ્બર્સ ઓફ કોમર્સના સેક્રેટરી હિમાંશુભાઈ ઉર્ફે લાલો પ્રવીણચંદ્ર શાહની દુકાનને નિશાન બનાવીને તસ્કરો રૂા.બે લાખ જેવી મત્તા ઉઠાવી ગયા હતા. મુખ્ય બજારમાં આવેલ આશીર્વાદ સ્ટોર્સ અને ગેસ એજન્સી નામની દુકાનમાં ગઈરાતના કાચ ફિટ કરવાનું કામ ચાલતું હતું. અંદાજે રાતના ૨:૩૦ વાગ્યા સુધી દુકાન ખૂલી હતી. એ પછી દુકાન બંધ કરવામાં આવી હતી. સવારે વેપારી હિમાંશુભાઈ શાહને દુકાનના શટ્ટરના તાળાં તૂટ્યાંની જાણ થતાં તેઓ દુકાને પહોંચી ગયા હતા. તપાસ કરતા રૂા.૧.૬૦ લાખના મોબાઈલ ફોન, રિચાર્જ વાઉચર, રૂા.૩૭ હજારની રોકડ રકમ મળી કુલ રૂા.૧.૯૭ લાખની મત્તા ગયાનું જાણવા મળ્યું હતું.

### ગેરકાયદેરીતે એલઓયુ જારી કરનાર શેટ્ટી સકંજામાં આવ્યા

# પીએનબી ફ્રોડ : ગોકુલનાથ શેટ્ટી સહિત ત્રણની કરાયેલી ધરપકડ

## તમામ આરોપીઓને મુંબઈ સ્પેશિયલ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા : નિરવ મોદી અને મેહુલ ચોક્સી ઉપર સકંજો મજબૂત : દરોડાનો દોર યથાવત જારી

નવી દિલ્હી,

પંજાબ નેશનલ બેંકના હજારો કરોડના ફ્રોડ સાથે સંબંધિત કેસમાં આજે મોટી કાર્યવાહી કરીને સીબીઆઈએ બેંકના પૂર્વ ડેપ્યુટી મેનેજર ગોકુલનાથ શેટ્ટી, એસડબલ્યુઓ મનોજ ખરાટ અને હેમંત ભટ્ટની ધરપકડ કરી હી. ભટ્ટ નિરવ મોદીની કંપનીના સત્તાવાર હસ્તાક્ષર કરનાર વ્યક્તિ તરીકે છે. સીબીઆઈ તમામ આરોપીઓને કોર્ટમાં રજૂ કરી ચુકી છે અને કસ્ટડીમાં લઈ ચુકી છે. મુખ્ય આરોપી નિરવ મોદી અને અન્ય આરોપી મેહુલ ચોક્સી બહાર જતા રહ્યા છે. પૂર્વ ડેપ્યુટી મેનેજર ગોકુલનાથ શેટ્ટી ઉપર સ્વિફ્ટ મેસેજિંગ સિસ્ટમનો દુરુપયોગ કરવાનો આક્ષેપ કરાયો છે. બેંક દ્વારા આ સિસ્ટમથી વિદેશી લેવડદેવડ માટે એલઓયુના મારફતે આપવામાં આવેલી ગેરંટીને પ્રમાણિત કરતા હતા. આ પ્રમાણિકતાના આધાર પર કેટલીક ભારતીય બેંકોની વિદેશી શાખાઓએ પણ ફોરેક્સ ક્રેડિટ આપી હતી. પીએનબી કૌભાંડમાં હજુ સુધી ૧૮ કર્મચારી સસ્પેન્ડ કરવામાં આવી ચુક્યા છે. નિરવ મોદી અનેક તપાસ સંસ્થાઓની ચકાસણી હેઠળ આવી ચુક્યા છે. ચાર મોટી જ્વેલરી કંપની ગીતાંજલિ, ગિન્ની, નક્ષત્ર અને નિરવ મોદ તપાસના ઘેરામાં છે. સીબીઆઈ અને ઈડી દ્વારા તેમની જુદી જુદી બેંકો સાથે સાંઠગાંઠ હોવાની વાત પણ કરી છે. બીજી બાજુ તપાસ સંસ્થાઓએ દરોડા જારી રાખ્યા છે. ઈડીના અધિકારીઓએ આજે પશ્ચિમ બંગાળના દુર્ગાપુર ખાતે ગીતાંજલિ જેમ્સ સ્ટોર પર વ્યાપક દરોડા પાડ્યા હતા. દરોડાનો દોર જારી રાખવામાં આવ્યો છે. તે પહેલા ૧૫મી ફેબ્રુઆરીના દિવસે પણ દરોડા પાડવામાં આવ્યા હતા. પંજાબ નેશનલ બેંક મહાછેતરપિંડીના કેસમાં મુખ્ય આરોપી નીરવ મોદીની સામે આખરે કાર્યવાહી શરૂ કરવામાં આવી ચુકી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ ૧૫મી ફેબ્રુઆરીના દિવસે હિરાકારોબારી નિરવ મોદી અને તેમના સગાસંબંધીઓ તથા અન્યો સામે મની લોન્ડરિંગ કેસ દાખલ કરી દીધો હતો. સાથે સાથે દેશભરમાં નિરવ મોદીના આવાસ અને અન્ય પ્રોપર્ટી ઉપર વ્યાપક દરોડા પાડ્યા હતા. દેશભરમાં જુદા જુદા શહેરોમાં ફ્રોડના કેસમાં આ દરોડાના કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ૧૧૩૦૦ કરોડ રૂપિયાના પંજાબ નેશનલ બેંક ફ્રોડ કેસના સંબંધમાં આજે દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. નીરવ મોદી હાલમાં ન્યુયોર્કમાં હોવાના હેવાલ મળી રહ્યા છે. તેઓ ન્યુયોર્કની સૌથી મોંઘી હોટેલમાં રોકાયેલા છે. જ્યાં એક દિવસનુ ભાડુ ૭૫ હજાર રૂપિયા હોવાની ચોંકાવનારી માહિતી મળી રહી છે. નીરવ પર સકંજો મજબુત કરવાના સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# યોગ ગુરૂ રામદેવનું ફુડ પાર્ક ભૂમિ અધિગ્રહણના પેચમાં ફસાયું

રાયપુર,

યોગ ગુરૂ બાબા રામદેવનું પતંજલિ ફુડ પાર્ક ભૂમિ અધિગ્રહણના પેચમાં ગુંચવાયેલું જોવા મળી રહ્યું છે. રાજનાંદગાંવથી ૩૫ કિમી દુર આવેલ બૈજતાલા ગામમાં ફુડ પાર્કના વિરોધ અને સમર્થનમાં કિસાનોના બે જુથ બની ગયા છે.

પ્રશાસન બજાર મૂલ્યથી ચાર ઘણા ભાવ પર ભૂમિનું અધિગ્રહણ કરી રહ્યું છે આમ છતાં તેના અનેક કિસાન ભૂમિ આપવા તૈયાર નથી જો કે પ્રશાસન આશ્વસ્ત છે કે ફુડ પાર્ક માટે જમીન મળી જશે અને તાકિદે ત્યાં કામ શરૂ થઈ જશે

ડિસેમ્બરમાં રાજનાંદગાંવની પાસો બૈજતાલામાં ફુડ પાર્ક બનાવવાની યોજના બની હતી.બાબા રામદેવની કંપની પતંજલિ આયુર્વેદ લિમિટેડ ઉપરાંત બે અન્ય કંપનીઓ મનોરમા ઈડસ્ટ્રીજ પ્રાઈવેટ લિમિટેડ અને આકૃતિ સ્નેકસ પ્રાઈવેટ લિમિટેડે ફુડ પાર્કમાં કંપની લગાવવા માટે છત્તીસગઢ સરકારથી કર્યો છે.૭૬૨.૮૦ કરોડની આ પરિયોજનામાં બાબા રામદેવની કંપની ૬૭૧ કરોડ રૂપિયાનું રોકાણ કરવા જઈ રહી છે.પતંજલિ આયુર્વેદ અહીં કૃષિ અને હર્બલ પ્રોડકટની પ્રોસેસિંગ યુનિટ લગાવશે

મનોરમા ઈડસ્ટ્રીઝ બટર પ્રોડકટ અને સાલ બીજ તથા કેરીની પ્રોસેસિંગ યુનિટ પર ૭૬ કરોડ રૂપિયાનું રોકાણ કરશે જયારે આકૃતિ કોલાર આધારિત યુનિટ પર ૫.૮૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવા જઈ રહી છે.સરકારનો દાવો છે કે આ ફુડ પાર્કથી ૨૪ હજાર લોકોને સીધી રોજગારી પ્રાપ્ત થશે.

# કેન્દ્રીય મંત્રી મેનકા ગાંધીએ જનતા દરબારમાં અધિકારીને જાહેરમાં ગાળો આપી

પીલીભીત,

પોતાના કડક મિજાજ માટે જાણીતા કેન્દ્રીય મંત્રી મેનકા ગાંધી એક અધિકારી પર ગુસ્સો ઉતારતા તેને જાહેરમાં ગોળો આપી દીધી હતી.કેન્દ્રીય મહિલા બાલ વિકાસ મંત્રી મેનકા ગાંધીની આ વીડિયો જારી કરવામાં આવી છે.જેમાં તે એક જનતા દરબારમાં અધિકારીઓને ઠપકો આપતાં જોવા મળી રહ્યાં છે એટલું જ નહીં આ સાથે જ અપશબ્દો પણ બોલી રહ્યો છે.

સુત્રોના જણાવ્યા અનુસાર હકીકતમાં મામલો કોટા સિસ્ટમમાં ભ્રષ્ટાચારનો છે.મેનકા ગાંધી યુપીના બહેડી જીલ્લામાં જનતા દરબાર લગાવવામાં આવ્યો હતો. અહીં પહોંચેલા લોકોએ સપ્લાઈ અધિકારી પર ભ્રષ્ટાચારનો આરોપ લગાવ્યો.વિડિયોમાં મેનકા અધિકારી પર નારાજ થતા બોલી રહ્યું છે કે તમને શરમ આવવી જોઈએ,આદમી ઈજ્જત પર જીવે છે.ભોજન પર નહીં.

ત્યારબાદ મેનકાએ તેમને અપશબ્દ બોલતા કહ્યું કે તેમના ઉપરથી લોકો ખાવ છો.શું ઈજ્જત છે તમારી,બધા લોકો તમને અહીં ગંદા ગંદા બોલી રહ્યાં છે.તમને સારૂ લાગે છે. ત્યારબાદ મેનકાના ઉપશબ્દ બોલવા પર અધિકારીએ સહમતિ વ્યકત કરતાં કહ્યું કે મૈમ તમે આમ ન બોલો,અને પોતાની સ્પષ્ટતા આપતા રહ્યાં હતાં.

જન ફરિયાદ
તંત્રી : પ્રદિપ રાવલ
મેનેજિંગ તંત્રી : મિનાક્ષી રાવલ
ગાંધીનગર મુખ્ય કાર્યાલય
બ્લોક - ૬૭૭/૨, 'ઘ' ટાઈપ,
સેકટર-૮, ગાંધીનગર
ફોન : +91-79-23238022
ફેક્સ : +91-79-23238022
મો. : +91- 9537656922
મો. : +91- 98246 53073
ગાંધીનગર શહેર, જિલ્લા તેમજ અમદાવાદ શહેર અને જિલ્લાના સમાચારો જાહેરખબર તેમજ કોપી મેળવવા ગાંધીનગર તથા અમદાવાદ કાર્યાલયની મુલાકાત લેવી.
એડીટોરીયલ ચીફ :
બકુલ એ. રાવલ
અમદાવાદ મુખ્ય કાર્યાલય
૨૧, અનંત એપાર્ટમેન્ટ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે, માનવમંદિર, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
(મો) ૯૮૨૪૦ ૯૬૨૫૦
સહતંત્રી : નિલેશભાઈ રાવલ
૨૫૬૭, ગોઝારીયા પોળ,
હલીમની ખડકી પાસે, શાહપુર,
અમદાવાદ-૩૮૦૦૦૧
(મો) ૯૩૨૭૦ ૮૫૫૨૪
તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક
પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩ ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

'જન ફરિયાદ'માં પ્રસિદ્ધ થતાં તમામ સમાચારો, ફરિયાદો, કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેષબુદ્ધિ વગર માત્ર જ છાપવામાં આવે છે. તેમ છતાં પ્રગટ થયેલ લખાણમાં હકીકત દોષ કે ખરેખર અન્યાય થયો હોય તો લાગતા વળગતાઓએ પુરાવા સાથે ધ્યાન દોરવું જેથી યોગ્ય કરવામાં આવશે. પ્રતિનિધિઓને કે કોઈપણ વ્યક્તિએ પુરાવા સાથે ફરિયાદો કે સમાચાર મોકલવાના રહેશે. તે વગર છપાશે નહિ. પ્રસિદ્ધ થયેલ સમાચાર ફરિયાદો વગેરે માટે લખનાર જવાબદાર ગણાશે અને જનફરિયાદ કોઈપણ રીતે જવાબદાર નથી. કોઈપણ જાતના વાદવિવાદ, તકરાર કે કાયદાકીય ગૂંચ માટેનું કાર્યક્ષેત્ર અમદાવાદની કોર્ટ રહેશે. - તંત્રી

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001